
## સામાન્ય લોકો માટે ખાસ તૈયાર થયેલી

# ગોએન્કા હોસ્પીટલ દ્વારા ગાંધીનગરની પ્રથમ ૧૦૦ બેડની 'મલ્ટી-સ્પેશ્યાલીટી' હોસ્પીટલ ખુલ્લી મુકાઈ




(તસવીર :- મિલન વ્યાસ)

ગાંધીનગર, તા. ૨૨

બીઈએસ તરીકે પ્રચલિત ભોલારામ એજયુકેશનલ સોસાયટી દ્વારા ગોએન્કા હોસ્પીટલની સ્થાપના વર્ષ ૨૦૦૩માં કરવામાં આવી હતી. જેમાં સામાન્ય લોકોને પોસાય તેવી કિંમતે સારવાર આપવાનો હેતુ રાખવામાં આવ્યો છે. તેણે આજે તેની મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલના ઉદઘાટનની ઘોષણા કરી હતી અને હવે આ હોસ્પિટલ ગાંધીનગર જીલ્લા સહિત ગુજરાતના લોકોને તબીબી સારવાર આપશે. આ હોસ્પિટલ ગાંધીનગર જિલ્લા સહિત ગુજરાતના લોકોને તબીબી સારવાર આપશે. આ હોસ્પિટલ દ્વારા ગાંધીનગર અને તેની આસપાસના ગામોના લાખો લોકોને તબીબી સુવિધાઓ પૂરી પાડશે.

આ ૧૦૦ પથારીની અલ્ટ્રા મોર્ડન હોસ્પિટલ હીલીંગ લાઈવ્ઝ સત્ર સાથે કામગીરી હાથ ધરાઈ છે. જે માત્ર આસપાસના વિસ્તારોને માત્ર તબીબી સુવિધા જં નહીં પરંતુ અન્ય માધ્યમો દ્વારા પણ તેમના ચહેરાઓ પર સ્મિત લાવશે. આ હોસ્પિટલમાં અત્યાધુનિક ઉપકરણો જેવા કે કલર ડોપલર ટુડી ઈકો અને કોમ્પ્યુટરાઈઝડ એકસ-રે, અલ્ટ્રાસાઉન્ડ અને ઈન હાઉસ લેબોરેટરી જેમ કે ઉચ્ચ કક્ષાના રકત પરીક્ષણ માટે પેથોલોજી, માઈક્રોબાયોલોજી, હિસ્ટોપેથોલોજી અને ઈમ્યુનોલોજીનો સમાવેશ થાય છે. ગોએન્કા હોસ્પિટલના અધ્યક્ષ શ્રી અપૂર્વ ગોએન્કાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે ગોએન્કા હોસ્પિટલ હંમેશા સમાજને સમર્પિત રહીને કામગીરી આગળ વધારે છે. તેના દ્વારા નિયમિત રીતે દુરના ગામોમાં તબીબી સુવિધાઓ પુરી પાડવામાં આવે છે. મેડીકલ કેમ્પોમાં હોસ્પિટલના ડોકટરો દ્વારા મફત દવાઓ પણ ગરીબો અને જરૂરીયાતમંદ લોકોને આપવામાં આવે છે. આ હોસ્પિટલ એક એવી હોસ્પિટલ છે કે જેમાં લોહીના સ્ટોરેજની સુવિધા પણ છે. જે ગાંધીનગરમાં પ્રથમ વખત શરૂ થયેલી સુવિધા છે.

જયારે ગોએન્કા હોસ્પિટલના ડીએમએસ ડો. દિવ્યેશ ગુપ્તાએ જણાવ્યું હતું કે હવે ગાંધીનગરના લોકો અને તેની આસપાસના ગામોના લોકોએ કોઈપણ સ્વાસ્થ્ય સમસ્યા માટે અમદાવાદ દોડવું નહીં પડે. ગોએન્કા હોસ્પિટલ એ એક મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ છે અને તેમાં કોઈપણ પ્રકારની સર્જરી અમદાવાદની હોસ્પિટલો કરતા ઓછા દર થઈ શકે છે. તેના કારણે દર્દીઓ અને તેમના પરિવારજનો પર આર્થિક ભારણ ઘટશે અને તેમના ચહેરા પર સ્મિત જોવા મળશે.

ગોએન્કા હોસ્પિટલમાં બે પ્રકારના આઈસીયુ છે. જેમાં એક મેડીકલ આઈસીયુ ૯ પથારી સાથે છે અને અન્ય એક સર્જીકલ આઈસીયુ છે જેમાં ૮ પથારી છે. આ બંને આઈસીયુમાં અત્યાધુનિક ઉપકરણો મૂકવામાં આવેલા છે. જયારે ઓપરેશન થિયેટરમાં લેમીનાર એર ફલો ૫ પેરા મોનીટરની સુવિધા સાથે સજજ છે અને તેમાં તમામ મેજર સર્જરી થઈ શકે છે.

ગોએન્કા હોસ્પિટલના એકઝીકયુટીવી ડિરેકટર શ્રી એન. કુમારસ્વામીએ કહ્યું હતું કે અમારૂ ઈમર્જન્સી ડિપાર્ટમેન્ટ ૪ કેઝયુલીટી પથારી ધરાવે છે. ૩૬૫ દિવસ તે કાર્યરત હોય છે. તેનો સ્ટાફ તાલીમબદ્ધ અને ઉપકરણોથી સજજ રહીને કોઈપણ મેડીકલ ઈમર્જન્સી માટે તૈયાર રહે છે. ઓપરેશન થિયેટર પણ વોર્ડની અંદર બનાવાયેલ છે જેથી તાત્કાલીક સર્જરી વેળાએ સમયનો સહેજ પણ બગાડ થતો નથી.

સામાન્ય એમ્બ્યુલન્સ ઉપરાંત અહીં આઈસીયુ ઓન વ્હીલ્સ એમ્બ્યુલન્સની પણ સુવિધા છે. જેમાં પણ ટેલીમેડીસીનની સુવિધા આ પણ છે. તેના દ્વારા અમે એમ્બ્યુલન્સમાં જ પ્રાથમિક સારવાર આપી શકીએ છીએ. જેથી કટોકટીપૂર્ણ સ્થિતિ ધરાવતા દર્દીને રાહત મળી શકે છે. આ ઉપરાંત એમ્બ્યુલન્સમાં રહેલ ડોકટર હોસ્પિટલમાં બેઠેલા ડોકટરને સમયસર માહિતી આપી શકે છે. આ પ્રકારની સુવિધાઓ દ્વારા સમયસર કિંમતી જીવનને બચાવી શકાય છે.